Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 3, Issue - 4, July-Aug – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 30/07/2020 Accepted on : 16/082020 Publication Date: 31/08/2020

રાજકોટ જિલ્લા પોલીસ અને કાયદો – વ્યવસ્થા જાળવવા માટેના સમીકરણોની સમીક્ષા

[1] રમીઝ સાદતભાઈ સિન્ધી, [2] પ્રો.ડો.બી.જી.મણીયાર,
[1] આસી.પબ્લીક પ્રોસીકયુટર અનેપી.એચ.ડી વિદ્યાર્થી, કાયદા ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ – ૩૬૦૦૦૫. (ગુજરાત)
[2] અધ્યક્ષ અને પ્રોફેસર, પી.એચ.ડી. ગાઈડ, કાયદા ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ – ૩૬૦૦૦૫. (ગુજરાત)
ઈ–મેઈલ : rameezsindhi@gmail.com

સાર : આ સંશોધન પેપરમાં રાજકોટ જિલ્લાની પોલીસ માળખુ અને કાયદો વ્યવસ્થા જાળવવા માટેના મહત્વના કાયદા તથા ફરજો અંગેની સમીક્ષા કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં માત્ર ચાર જિલ્લામાંજ હાલ પોલીસ કમીશ્નર ફરજ બજાવે છે. જેમાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ જિલ્લાનો સમાવેશ થાય છે.

ચાવીરૂપ શબ્દો : કાયદો, પોલીસ, અપરાધ, ફોજદારી, ફરીયાદ.

૧. પ્રસ્તાવના :

સંશોધકની સમસ્યાએ " રાજકોટ જિલ્લા પોલીસ અને કાયદો – વ્યવસ્થા જાળવવા માટેના સમીકરણોની સમીક્ષા" છે. આથી રાજકોટ જિલ્લાની ભૌગોલિક, ઐતિહાસિક, સામાજિક, આર્થિક અને રાજકીય માહિતીનો અભ્યાસ કરવો જરૂરી બની રહે. આ વિગતોને આધારે હાલ રાજકોટ જિલ્લામાં થતો અપરાધ અને પોલીસ વ્યવસ્થાને સમજવાનો પ્રયત્ની કરી શકાય અને રાજકોટ જિલ્લામાં કાયદા અને વ્યવસ્થાનું પ્રવર્તમાન કાયદાના સંદર્ભમાં અભ્યાસ કરી સમસ્યાનો ઉકેલ લાવવાની દિશામાં આગળ વધી શકાય.

૨. રાજકોટ જિલ્લાની ભૌગોલિક સાહિત્ય સમીક્ષા :

સંશોધકના સંશોધનનો વિસ્તાર રાજકોટ જિલ્લા પુરતો મર્યાદિત છે અને ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૩ના રોજ રાજકોટ જિલ્લામાંથી મોરબી જિલ્લો અલગ કરાયો છે. આથી રાજકોટ જિલ્લાનો ભૌગોલિક અભ્યાસ કર્યો. આ સંશોધન સંદર્ભે આ અભ્યાસ કરવાની જરૂર એટલે પડે કેમકે રાજકોટ જિલ્લામાં પોલીસદળ બે વિભાગોમાં કાર્યરત છે. જેમાં રાજકોટ શહેર જે પોલીસ કમિશ્નર અંતર્ગત આવે છે અને બીજો રાજકોટ ગ્રામ્ય જે રેન્જ આઈ.જી અને પોલીસ અધિક્ષક અંતર્ગત કાર્યરત છે. પ્રાથમિક અભ્યાસમાં એ ખ્યાલ આવ્યો છે કે, મોરબી જિલ્લો અલગ પડવાથી રાજકોટ ગ્રામ્ય પોલીસદળનું મોરબી, ટંકારા, વાંકાનેર અને માળીયા–મિયાંણાનું કામનું ભારણ ઘટી ગયું છે.પરંતુ તેનુ અપરાધ નિયંત્રણ અને કાયદો વ્યવસ્થા સંદર્ભે શું ચિત્ર ઉપસે છે તે સંશોધકની સમસ્યા સંદર્ભીત પરિકલ્પના છે.

રાજકોટ શહેરનો વિસ્તાર પણ છેલ્લા દશ વર્ષમાં ઘણો થયો છે. રાજકોટ શહેરમાં પોલીસદળને પોલીસ કમિશ્નરશ્રી, જોઈન્ટ પોલીસ કમિશ્નરશ્રી ઉપરાંત ડી.સી.પી ઝોન – ૧ અને ૨ તથા ઉતર, દક્ષીણ અને પૂર્વ, પશ્ચિમ એવા ચાર વિભાગોમાં વહેંચી મદદનીશ પોલીસ કમિશ્નર(એ.સી.પી) અંતર્ગત મૂકવામાં આવેલા છે. ઉપરાંત એ.સી.પી (ક્રાઈમ) અને એ.સી.પી. (ટ્રાફીક) ની પણ જોગવાઈ છે. જે બતાવે છે કે, આ વિભાગોમાં ગૂના નિવારણ અને કામનું ભારણ વિશેષ છે. જે બાબતને સંશોધનમાં ગંભીરતાથી લેવાયેલ છે.

૩. રાજકોટ જિલ્લો અને પોલીસદળ સંદર્ભીત સમીક્ષા :

ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર વિભાગના આઠ જિલ્લાઓ પૈકી રાજકોટ જિલ્લો સમગ્ર સૌરાષ્ટ્રની મધ્યમાં આવેલો. તેમ જ હાલમાં રાજય સરકારે નવા જિલ્લાઓની રચના કરી જેમાં રાજકોટ જિલ્લામાંથી મોરબી જિલ્લો અલગ કરવામાં આવ્યો છે અને સૌરાષ્ટ્રમાં મોરબી, ગીરસોમનાથ અને દેવનગરી દ્વારકા જેવા નવા ત્રણ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૩ના રોજ મોરબી રાજકોટ જિલ્લામાંથી અલગ થયું એટલે રાજકોટ જિલ્લો કે જે ૧૪ તાલુકાઓનું બનેલું હતું તેમાંથી મોરબી, વાંકાનેર, ટંકારા અને માળિયા (મિયાંણા) અલગ થઈ જતાં હવે આપણા રાજકોટ જિલ્લામાં રાજકોટ, ગોંડલ, પડધરી, જેતપુર, ધોરાજી, ઉપલેટા, જસદણ, લોધીકા, કોટડા સાંગાણી જેવા તાલુકાનો સમાવેશ થાય છે.

ગુજરાત રાજયમાં રાજકોટ શહેર મહત્વનું આગવું સ્થાન ધરાવે છે. શરૂઆતમાં પોલીસદળ, રાજકોટ શહેર તથા રાજકોટ ગ્રામ્ય એક વિભાગ હેઠળ કાર્યરત હતું ત્યારબાદ રાજકોટ શહેર અને રાજકોટ જિલ્લા પોલીસ દળને સરકારશ્રીના ગૃહવિભાગના ઠરાવ ક્રમાંક : પી.ઓ.એસ/૨૩૭૬/૪૬૬૦/સી તા. ૨૯/૦૭/૧૯૭૬ ના હુકમથી વિભાજન કરવામાં આવેલ છે. ત્યારબાદ થી રાજકોટ

શહેર પોલીસ કમિશ્નર કક્ષાના અધિકારી હસ્તક છે. હાલમાં શ્રી મનોજ અગ્રવાલ સાહેબ (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર તરીકે ફરજ બજાવે છે. આ ઉપરાંત સદરહુ ઠરાવથી જ રાજકોટ શહેર તથા રાજકોટ ગ્રામ્યનું પણ વિભાજન કરવામાં આવ્યું. રાજકોટ ગ્રામ્ય, પોલીસ અધિક્ષકશ્રી કક્ષાના અધિકારીને હસ્તક છે. હાલમાં શ્રી બલરામ મીણા સાહેબ (આઈ.પી.એસ) પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવે છે. રાજકોટ ગ્રામ્ય પોલીસદળને ગોંડલ અને જેતપુર એમ બે વિભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે. દરેક વિભાગના પોલીસ સ્ટેશન મળીને કુલ ૨૩ પોલીસ સ્ટેશન કાર્યરત છે. રાજકોટ ગ્રામ્ય જિલ્લાની મહિલાઓની સલામતી તથા રક્ષણ માટે ગોંડલ ખાતે મહિલા પોલીસ સ્ટેશન કાર્યરત છે. આમ કુલ ૨૩ પોલીસ સ્ટેશન દ્વારા પ્રજાજનના રક્ષણ અને કાયદો વ્યવસ્થાની જાળવણી થાય છે. આમ રાજકોટ જિલ્લામાં થતાં અપરાધો સંદર્ભે પોલીસ કાર્યવાહી બે ભાગમાં વહેંચાયેલી છે. રાજકોટ શહેર પોલીસ અને રાજકોટ ગ્રામ્ય પોલીસ.

૪. પોલીસ ની સતા અને ફરજો ની સમીક્ષા :

(૧) પોલીસ કમિશ્નર :
ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ – ૩, નિયમ ૨૩ મુજબ ફરજ બજાવે છે અને આ મુજબ તેઓ દેખરેખ રાખે છે અને તેમની હેઠળના તમામ પોલીસ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડે છે.

(૨) અધિક પોલીસ કમિશ્નર :
ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ – ૩, નિયમ ૨૬ મુજબ ફરજ બજાવે છે અને તેમના ઉપલા અધિકારીશ્રી તરફથી મળેલા સુચના અને હુકમ અનુસાર તેમના તાબા હેઠળના પોલીસ અધિકારી અને કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન અને સુચના આપે છે.

(૩) નાયબ પોલીસ કમિશ્નર :
ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ – ૩, નિયમ ૨૬ મુજબ ફરજ બજાવે છે અને તેમના ઉપલા અધિકારીશ્રી તરફથી મળેલા સુચના અને હુકમ અનુસાર તેમના તાબા હેઠળના પોલીસ અધિકારી અને કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન અને સુચના આપે છે.

(૪) મદદનીશ પોલીસ કમિશ્નર :
ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ – ૩, નિયમ ૨૮ મુજબ ફરજ બજાવે છે અને તેમના ઉપલા અધિકારીશ્રી તરફથી મળેલા સુચના અને હુકમ અનુસાર તેમના તાબા હેઠળના પોલીસ અધિકારી અને કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન અને સુચના આપે છે.

(૫) થાણા અમલદાર (પોલીસ ઈન્સપેકટર/પોલીસ સબ–ઈન્સપેકટર) :
ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ – ૩, નિયમ ૩૩ પેટા કલમ ૧ થી ૫ મુજબ કામગીરી કરે છે. આ મુજબ તેઓ પોતાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા બરોબર જળવાઈ રહે તેનું ધ્યાન રાખે છે અને તેમના પોલીસ સ્ટેશન હેઠળ આવતા આઉટ પોલીસ સ્ટેશન અને બીટનું સુપરવિઝન કરે છે.

(૬) અનાર્મ હેડ કોન્સ્ટેબલ :
ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ – ૩, નિયમ ૩૬ પેટા કલમ ૧ થી ૨ મુજબ કામગીરી કરે છે. તેમની બીટ / આઉટ પોલીસ સ્ટેશન હેઠળ આવતા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરી તેમના થાણા અમલદારના માર્ગદર્શન અને સુચના હેઠળ કરે છે.

(૭) અનાર્મ કોન્સ્ટેબલ :
ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ – ૩, નિયમ ૩૩ પેટા કલમ ૧ થી ૫ મુજબ ની કામગીરી કરે છે. તેમના હેડ કોન્સ્ટેબલ તથા ઉપરી અધિકારીશ્રી તરફથી મળેલ સુચના મુજબ ગુના બનતા અટકાવવા અને ગુનાની તપાસ માટેની કામગીરી ઉપરી અધિકારીના માર્ગદર્શન હેઠળ કરે છે.

આ ઉપરાંત પોલીસને મદદ રૂપ થવા માટે હથિયારી પોલીસ એકમ, હોમગાર્ડ, ગ્રામ્ય રક્ષક દળ, ખાસ કિસ્સામાં એસ.આર.પી અને ટ્રાફીક વિભાગને ટ્રાફીક બ્રિગેડની મદદ પણ મળે છે. આ બધાની મદદ થી જિલ્લા તથા શહેરમાં કાયદો વ્યવસ્થા જાળવવામાં આવે છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ફરીયાદ તથા ફરીયાદનું નિરાકરણ અને ન્યાય થવો ખુબ જ જરૂરી હોય છે. સમાજમાં કાયદા અને વ્યવસ્થાના સંચાલન માટે પોલીસની નિષ્પક્ષ અને શિસ્તબધ્ધ કામગીરી આવશ્યક છે. પોલીસ અન્વેષણ પણ બહુ મહત્વનો ભાગ ભજવે છે. જે અંગેના કાયદા અને નિયમો જેવા કે ફોજદારી કાર્યવાહી ધારો, પુરાવાનો ધારો, પોલીસ મેન્યુઅલ ભાગ – ૩, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ અને આનુસંગિક કાયદાઓની જોગવાઈ કરવામાં આવેલી છે. આ

ઉપરાંત ગુન્હાની સમજ અને સજાની જોગવાઈની જાણકારી માટે ભારતીય ફોજદારી ધારો અને ખાસ ગુન્હા સંબંધેના કાયદાનું પુરતુ જ્ઞાન હોવુ જરૂરી બને છે.

સંદર્ભ સુચિ : પુસ્તકો ની યાદી :

૧ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ અને આનુસંગિક કાયદાઓ, હરેશ એ. શુકલ, કમલા પબ્લીશીગ હાઉસ.
૨. પોલીસ મેન્યુઅલ વોલ્યુમ – ૩ (ઈન્વેસ્ટીગેશન), વામનરાવ દેસાઈ, વેસ્ટર્ન લો હાઉસ.
૩. ગુજરાત પોલીસ મેન્યુઅલ – વોલ્યુમ ૩, ભરત લખતરીયા, ઘી ન્યુ ગુજરાત લો હાઉસ, અમદાવાદ.
૪. ગુજરાત પોલીસ એકટ, ૨૦૦૩, એમ.વી.સહાની (એડવોકેટ), સુપ્રીમ પબ્લીકેશન.
૫. ગૃહ વિભાગના ઠરાવ તથા પરીપત્ર

ઈન્ટરનેટ સાઈટ ની યાદી :

૧. gujaratinformation.net/
૨. http://rajkotcitypolice.org/
૩. www.cprajkot.gujarat.gov.in/
૪. www.sprajkot.gujarat.gov.in/